સુવિચાર

દુનિયાનો કોઈપણ વ્યકિત બધા જ ગુણોથી ભરપૂર હોતો નથી એટલે અમુક ખામીઓને છોડી દો અને સંબંધો ટકાવી રાખો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



આજીડેમ ચોકડી પાસે રૂ.૪૯.૮૦ લાખની કિંમતની વહેલ માછલીની ઉલ્ટી સાથે શખ્સ ઝડપાયો P-4

Year-16, Issue-157 ■ DATE : 11-10-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રમ્પે ચીન પર ૧૦૦ ટકા ટેરીફ બૉંબ ઝીંકયો



## ચાઈનીઝ પ્રોડકટ પર ૧૦૦ ટકા ટેરિફ ઝીંકવાની જાહેરાત કરતા સન્નાટોઃ ૧લી નવેમ્બરથી અમલઃ ટ્રમ્પે ચીન પર કર્યા પ્રહારો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧ નવેમ્બરથી ચીન પર ૧૦૦ ટકા જંગી ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ટ્રુથ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે આ ટેરિફ ચીન સામે હાલમાં લાગુ કરાયેલા અન્ય કોઈપણ ટેરિફ ઉપરાંત હશે. ટ્રમ્પે એવી પણ જાહેરાત કરી હતી કે અમેરિકા તમામ મહત્વપૂર્ણ સોફ્ટવેર નિકાસ પર પ્રતિબંધ મૂકશે. ટ્રમ્પના આ પગલાથી વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે વેપાર યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. ટ્રમ્પ દ્વારા ટેરિફ વધારવા અને સોફ્ટવેર નિકાસ નિયંત્રણોની જાહેરાત ચીન દ્વારા દુર્લભ પૃથ્વી ખનિજો પર નિકાસ મર્યાદા લાદવાના નિર્ણયના જવાબમાં કરવામાં આવી છે, જે ૧ નવેમ્બરથી અમલમાં આવશે.

તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે લખ્યું છે કે દુર્લભ પૃથ્વી ઉત્પાદનો પર મોટા પાયે નિકાસ નિયંત્રણો લાદવાનો ચીનનો નિર્ણય અપવાદ વિના તમામ દેશોને અસર કરે છે. ટ્રમ્પે કહ્યું, હમણાં જ જાણવા મળ્યું છે કે ચીને વેપાર પર ખૂબ જ આક્રમક વલણ અપનાવ્યું છે અને વિશ્વને એક ખૂબ જ પ્રતિકૂળ પત્ર મોકલ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે તેઓ ૧ નવેમ્બર, ૨૦૨૫ થી લગભગ દરેક ઉત્પાદન પર મોટા પાયે નિકાસ નિયંત્રણો લાદવા જઈ રહ્યા છે, જેમાં કેટલાક એવા ઉત્પાદનોનો પણ સમાવેશ થાય છે જે તેઓ બનાવતા નથી.

ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે, ચીનનો આ નિર્ણય અપવાદ વિના તમામ દેશોને અસર કરે છે, અને તેઓએ આ વર્ષો પહેલા આયોજન કર્યું હતું. આંતરરાષ્ટ્રીય વેપારમાં આ ફક્ત અજાણ્યું છે અને અન્ય દેશો સાથે વ્યવહાર કરવામાં નૈતિક અપમાન છે. યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું, ૧ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ કરીને (અથવા તે પહેલાં ચીન દ્વારા કરવામાં આવેલા કોઈપણ વધુ પગલાં અથવા ફેરફારોના આધારે), યુએસ ચીન પર ૧૦૦% ટેરિફ લાદશે, જે હાલમાં તેઓ ચૂકવે છે તે કોઈપણ ટેરિફ ઉપરાંત. વધુમાં, ૧ નવેમ્બરથી શરૂ કરીને, અમે તમામ મહત્વપૂર્ણ સોફ્ટવેર પર નિકાસ નિયંત્રણો લાદીશું.

રેર અર્થ ખનિજોના વૈશ્વિક પુરવઠાનો લગભગ ૭૦% ચીનમાંથી આવે છે. આ ખનિજો ઓટોમોબાઈલ, સંરક્ષણ અને હાઇ-ટેક ઉદ્યોગો માટે જરૂરી છે. ટ્રમ્પે શુક્રવારે સંકેત આપ્યો હતો કે તેઓ ચીનના નવા નિયંત્રણોને કારણે દક્ષિણ કોરિયામાં એશિયા-પેસિફિક આર્થિક સહકાર સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિગ સાથેની તેમની મુલાકાત રદ કરશે. અમેરિકા પહેલાથી જ ચીનથી આયાત થતી લગભગ દરેક પ્રોડક્ટ પર ભારે ટેરિફ લાદે છે. ચીનની આયાત પર વર્તમાન અસરકારક ટેરિફ દર ૪૦% છે, જે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૫૦% થી લઈને ગ્રાહક માલ પર ૭.૫% સુધીનો છે.

નિષ્ણાતો માને છે કે જો આ પગલું અમલમાં મૂકવામાં આવે છે, તો તે ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સથી લઈને ઈલેક્ટ્રિક વાહનો સુધીના ક્ષેત્રોને અસર કરી શકે છે, જે પહેલાથી જ હાલના ટેરિફના દબાણ હેઠળ છે. ટ્રમ્પ દ્વારા તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન શરૂ કરાયેલા વેપાર યુદ્ધ પછી વોશિંગ્ટન દ્વારા લેવામાં આવેલા આ સૌથી કડક રક્ષણાત્મક પગલાં પૈકીનું એક હશે.

ટ્રમ્પની જાહેરાત ચીની માલ પર નવા ટેરિફનો સંકેત આપતી અને રાષ્ટ્રપતિ શી જિનપિગ સાથેની બેઠક રદ કરવાની ધમકી આપતી અગાઉની પોસ્ટ પછી આવી છે. આ બેઈજિંગ સામે તીવ્ર હુમલો હતો, જેના કારણે બજારો અને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો છે.

ટ્રમ્પે કહ્યું કે શી જિનપિગ સાથેની બેઠકને મોકૂફ રાખવાનું કોઈ કારણ નથી જે તેમણે અગાઉ જાહેર કરી હતી. બેઈજિંગે ક્યારેય નેતાઓ વચ્ચેની બેઠકની પુષ્ટિ કરી નથી.

## જાપાનમાં ફલુનો રોગચાળો ફાટી નિકળ્યોઃ હોસ્પિટલો દર્દીથી ઉભરાઇ



**મુખ્ય સમાચાર, ટોકીયો**

જાપાનમાં ફલુનો રોગચાળો ફાટી નીકળતા સરકાર એલર્ટ બની છે. સામાન્ય રીતે ફલુની બિમારી વહેલી શરૂ થઈ ગઈ છે અને ખતરનાક કેસોમાં વિસ્ફોટ રીતે વધારો થતા હોસ્પીટલો ઉભરાવા લાગી છે. ચેપ ફેલાતો રોકવા સંખ્યા બંધ સ્કુલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. અને દેશવ્યાપી મહામારીની ઘોષણા કરવામાં આવી છે.

જાપાનમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ફલુની સિઝન પાંચ અઠવાડિયાં વહેલી શરૂ થઇ જતાં દેશમાં ચાર હજાર કરતાં વધારે ફલુના દર્દીઓ એક જ અઠવાડિયામાં નોંધાતાં સરકારે ફલુને દેશવ્યાપી મહામારી જાહેર કરી હતી. બાવીસ સપ્ટેમ્બરથી શરૂ થતાં અઠવાડિયામાં ૪૦૩૦ ફલુના દર્દીઓની સારવાર દવાખાનાઓમાં કરવામાં આવી હતી.

આગલા સપ્તાહની સરખામણીમાં ૯૫૭ ફલુના કેસ વધારે નોંધાયા હતા. આ મહામારીને કારણે ૧૩૫ જેટલી શાળાઓને બંધ કરી દેવામાં આવી હતી. બીજી તરફ હેલ્થ સાયન્સીઝ યુનિવર્સિટી ઓફ હોક્કાઇડોના પ્રોફેસર યોકો ત્સુકામોટોએ જણાવ્યું હતું કે દુનિયામાં જળવાયુપરિવર્તનને કારણે હવામાનમાં થઇ રહેલાં ફેરફારોના પરિણામે હવે ફલુની સિઝન કાયમી બની રહી છે.

દુનિયામાં વિમાન પ્રવાસ સરળ બની રહ્યો હોઇ તેના કારણે આ પ્રકારની ચેપી બિમારી ઝડપથી ફેલાય છે. વળી આ રોગના વાઇરસ તેની પરંપરાગત સારવારો સામે પ્રતિકાર વિક્સિત કરી ચૂક્યા હોઇ તેની સારવાર પણ પ્રમાણમાં લાંબી ચાલે છે.

અહેવાલમાં જણાવ્યા અનુસાર યામાગાટા પ્રિફેકચરમાં ૩૬માંથી ૨૨ વિદ્યાર્થીઓને ફલુ થઇ જતાં એક પ્રાથમિક શાળાને બંધ કરી દેવી પડી હતી.સરકારે લોકોને ફલુની બિમારી સામે સાવધ રહેવા અને જરૂરી રસી સમયસર લઇ લેવાની તાકીદ કરી હતી. લોકોએ શેરીઓમાં માસ્ક પહેરીને ફરવાની શરૂઆત કરી નાંખી હતી.

ગયા વર્ષે ડિસેમ્બર ૨૦૨૪ ના છેલ્લા અઠવાડિયામાં પણ ફલુના ૩૧૭૦૦૦ કેસો નોંધાયા હતા. હોલીડે સિઝન દરમ્યાન પ્રવાસનું પ્રમાણ વધતાં ફલુનો ચેપ વધારે ફેલાયો હતો. મોટાપાયે ફલુ ફેલાતાં આરોગ્ય તંત્ર પણ કથળી ગયું હતું અને ટેમી ફલુ નામની દવા પણ ખલાસ થઇ ગઇ હતી. એવિઅન ફલુનો ચેપ કાબૂ બહાર જતો રહેતાં જાપાનમાં જાન્યુઆરી ૨૦૨૫ માં ૫૦ લાખ પંખીઓને મારી નાંખવામાં આવ્યા હતા.

## રાજકોટમાં ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ૧૯૪ કરોડના ૧૮ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત





**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિકસિત ગામ વિકસિત ગુજરાતના કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજ રોજ તારીખ ૧૧ ઓક્ટોબરને શનિવારના રોજ રાજકોટના પ્રવાસે પહોંચ્યા છે. શહેરના કાલાવડ રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિરના યોગી સભાગૃહમાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને અંદાજિત રૂપિયા ૧૯૪ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ તકે ગ્રામ પંચાયત ઓક્ટ્રોય નાબૂદી પેટે વધારાના સહાયક અનુદાન તરીકે ગ્રામ પંચાયતોના સરપંચોને રૂ. ૨૧ કરોડના ચેકનું પણ વિતરણ કરવામાં આવ્યું.

ભુપેન્દ્ર પટેલે કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન દર ૩ મહિને ખેડૂતોને જે હપ્તો આપે છે તેનો એક હપ્તો દિવાળી પહેલાનો આજે આપવામાં આવશે. મોદીએ સરકારમાં પ્રવેશ કર્યો તેને ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. રાજકોટનો આમાં સિંહ ફાળો છે, પ્રથમ ચૂંટણી નરેન્દ્ર મોદી રાજકોટથી લડ્યા હતા જ્યારે આજે રાજકોટની જનતાએ મુકેલો ભરોસો દેશની ૧૪૦ કરોડ જનતાએ પણ મુક્યો છે. ગ્રામ પંચાયતમાં ૭૬૧ ગ્રામપંચાયત સમરસ જાહેર થઇ છે. વધુ ભણેલા ગામના સરપંચ બન્યા છે અને ૪૨% યુવાનો સરપંચ બન્યા છે જેનો ગૌરવ થાય છે. ૧૦,૦૦૦ રૂપિયા કામ માટે વખતો વખત વીતી જતા આજે કરોડો રૂપિયાના કામ તત્કાલ થઇ જાય છે. આ માનસિકતા બદલી છે ને આ વિકાસ પથ આગળ વધ્યાનું ઉદાહરણ છે.

ડ્રોન દીદીએ ડ્રોન ઉડાવ્યું એમનો આત્મવિશ્વાસ હતો કે, હું આખા વર્ષમાં ૧૪ લાખ રૂપિયા કમાવ છું, એ આનંદની વાત છે. આ વાત કહેતા ઉપસ્થિત લોકોએ તાળીઓ ન પાડતા મુખ્યમંત્રીએ ટકોર કરી કે, કેમ બધા શાંત બેઠા છો.? બીજાના આનંદમાં જોડાશો તો તમારો પણ વારો આવશે. આ પછી ઉપસ્થિત લોકોએ તાળી પાડી આનંદ વ્યક્ત કર્યો હતો. આજે વિકાસની પાયાની પ્રાથમિક જરૂરિયાત તો છે જ પરંતુ હાલ આત્મનિર્ભર બનવું જરૂરી છે. આજે આપણા દેશમાંથી બનેલા રમકડાં ૧૪૩ દેશમાં મોકલવામાં આવે છે.

વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીનો આગ્રહ છે આપણે જે વાયબ્રન્ટ કરી રહ્યા છીએ તે છેવાડાના ગામ સુધી પહોંચવું જોઈએ. અગાઉ ૬૬,૦૦૦ નાના કારખાના હતા, જે આજે ૨૭ લાખ સુધી પહોંચી ગયા છે. જેના કારણે દેશ દુનિયામાં ગુજરાત ગ્રોથ એન્જીન બન્યું છે. આત્મનિર્ભર ભારત અને લોકલ ફોર વોકલ થકી સ્વદેશી અપનાવીએ તેવો સંકલ્પ વડાપ્રધાને આપ્યો છે. ૫૪૧ કરોડ ગઈકાલે મંજૂર કર્યા અને આજે બધા સરપંચના ખાતામાં પહોંચી ગયા છે. એક ગ્રામ પંચાયતને ૪ કરોડ રૂપિયા આપવાના છે. દરેક કામ ક્વોલિટી વાળા અને સારા કરીએ તેનું ધ્યાન રાખવાનું છે. વિકાસ યાત્રા હજુ સારી રીતે આગળ વધારવાની છે આમાં આપણે બધા સાથે મળીને વધારીશું.

વિકાસ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા અને કેસરીદેવસિંહ ઝાલા આજે પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના અમરદળ ગામ ખાતે ઉપસ્થિત રહી મુખ્યમંત્રીના કાર્યક્રમમાં વર્ચ્યુલ જોડાયા હતા. આ ગામ ખાતે મેડિકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જ્યારે મંત્રી ભાનુબેન બાબરીયા ભાવનગરથી વર્ચ્યુલ જોડાયા હતા.

## આજે અમદાવાદમાં ૭૦મો ફિલ્મફેર એવોર્ડ

### કાજોલ, અનુપમ ખેર, બબીતા, બોની કપૂર સહિત અનેક સ્ટાર્સ આવી પહોંચ્યાં



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ફિલ્મજગતનો સૌથી પ્રતિષ્ઠિત ૭૦મો ફિલ્મફેર એવોર્ડ આજે ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ અમદાવાદના એક્કા ક્લબ ખાતે આવેલા ટ્રાન્સટેડિયામાં યોજાશે. આ ગ્રાન્ડ ઈવેન્ટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નેતાઓ અને પ્રખ્યાત અભિનેતાઓની હાજરી રહેશે. શાહરુખ ખાન, કરણ જોહર અને મનીષ પોલની જોડી આ રાતને યાદગાર બનાવશે, જે ૧૭ વર્ષ પછી ફરીથી એવોર્ડ હોસ્ટ કરવા જઈ રહી છે.

હાલમાં અમદાવાદમાં બોલિવૂડ સ્ટાર્સની આવક શરૂ થઈ ગઈ છે. અનુપમ ખેર, કાજોલ, બોની કપૂર, મુનમુન દત્તા (બબીતા), મોહનીશ બહલ, સિંગર ધ્વનિ ભાનુશાલી, સન્ની સિંહ, અવનિ મોદી, આશ્રમ સિરીઝની એક્ટ્રેસ અદિતિ સહિતનાં અનેક સ્ટાર્સ અમદાવાદ આવી પહોંચ્યાં છે.

ગઈકાલે અમદાવાદ એરપોર્ટ પર સિદ્ધાંત ચતુર્વેદી અને અભિનેત્રી ક્લાઉડિયા સીએસ્લા ચાહકોના ઉત્સાહનું કેન્દ્ર બન્યા હતા. ક્લાઉડિયા પોતાના બોયફ્રેન્ડ અર્જુન ગોયલ સાથે સ્પોટ થઈ હતી, જ્યારે સિદ્ધાંતને ચાહકોએ ઓટોગ્રાફ અને સેલ્ફી માટે ઘેરી લીધો હતો. બીજી તરફ અભિષેક બચ્ચન અને અક્ષય કુમારનું આઈટીસી નર્મદામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હોટલમાં બંને કલાકારોના આતિથ્ય માટે આટા લાડુ, કોકોનટ લાડુ, મોહનથાળ, મિલ્ક ચોકલેટ ફજ અને પિનટ બટર બ્રાઉની રાખવામાં આવ્યાં હતાં. આજે મોડીરાતે શાહરુખ ખાન સહિતની સેલેબ્રિટીઓનો જમાવડો એરપોર્ટ પર જોવા મળશે, એ બાદ તેઓ સીધા જ હોટલ ખાતે પહોંચશે.

ફિલ્મફેર એવોર્ડમાં ૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પ્રવેશ નહીં મળે. બેગ, પાવરબેંક, ઈયરફોન, પાણીની બોટલ, ખોરાક, સિગારેટ, કેમેરા, સેલ્ફી સ્ટિક, ડ્રોન અને લેપટોપ પ્રતિબંધિત છે. સમારોહ સાંજે ૭૩૦ વાગ્યે શરૂ થશે, પણ રાત્રે ૮ વાગ્યે ગેટ બંધ થઈ જશે. ટિકિટ ધારકો માટે પણ મોડું થવાથી પ્રવેશ અને રિફંડની સુવિધા નહીં હોય.

## મની લોન્ડરીંગ કેસમાં અનિલ અંબાણીની કંપની રિલાયન્સ પાવરના સીઈઓની ધરપકડ



**મુખ્ય સમાચાર, મુંબઈ**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રિલાયન્સ પાવર લિમિટેડના વરિષ્ઠ અધિકારી અશોક કુમાર પાલની શનિવારે ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના કથિત બેંક લોન છેતરપિંડી સાથે જોડાયેલા મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ પાલે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ની જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લીધા હતા.

પાલને ૨૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે કામ કર્યું છે અને તેઓ સાત વર્ષથી વધુ સમયથી રિલાયન્સ પાવરમાં ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે.

મની લોન્ડરિંગનો આ કેસ કથિત નાણાકીય અનિયમિતતાઓ અને રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિત તેમની અનેક ગ્રુપ કંપનીઓ દ્વારા રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધુના સામૂહિક લોન ''ડાયવર્ઝન''સાથે સંબંધિત છે. પહેલો આરોપ યસ બેંક દ્વારા ૨૦૧૭ અને ૨૦૧૯ વચ્ચે અનિલ અંબાણીની ગ્રુપ કંપનીઓને આપવામાં આવેલા લગભગ રૂ. ૩,૦૦૦ કરોડના ''ગેરકાયદેસર'' લોન ડાયવર્ઝનનો છે.

બીજા આરોપમાં રિલાયન્સ કોમ્યુનિકેશન્સ દ્વારા કથિત રીતે રૂ. ૧૪,૦૦૦ કરોડથી વધુની સમાન છેતરપિંડીનો સમાવેશ થાય છે. તપાસમાં નબળા અથવા અપ્રમાણિત નાણાકીય સ્ત્રોતો ધરાવતી કંપનીઓને લોન આપવામાં આવી હોવાના કિસ્સાઓ, સામાન્ય ડિરેક્ટરો અને સરનામાંઓનો ઉપયોગ, આવશ્યક દસ્તાવેજોનો અભાવ, શેલ એન્ટિટીઝમાં ભંડોળનું રૂટિંગ અને 'લોન એવરગ્રીનિંગ'ના કિસ્સાઓ પણ બહાર આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસ દર્શાવે છે કે કેટલીક લોન અરજી કરવામાં આવી તે જ દિવસે મંજૂર અને રિલીઝ કરવામાં આવી હતી, જ્યારે અન્ય 'મંજૂરી' પહેલાં જ ટ્રાન્સફર કરવામાં આવી હતી.

## દિલ્હીમાં ફટાકડા ફોડવાની છૂટ આપવાના સંકેતો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિવાળી નજીક આવી રહી છે એવામાં ફટાકડા પર પ્રતિબંધનો મામલો ફરી સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે દિલ્હી એનસીઆરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ વ્યવહારુ નથી કે આદર્શ નથી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે રાજધાની દિલ્હીમાં ગ્રીન ફટાકડા વેચવા કે ફોડવાની છૂટ આપવાના સંકેતો આપ્યા હતા, જોકે આ અંગેનો પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

ગ્રીન ફટાકડા ફોડવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, આ પ્રતિબંધ હટાવવાની માગ સાથે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. મામલા પર સુનાવણી પૂર્ણ થઇ ગઇ છે, આ પહેલા સોલિસિટર જનરલ તુષાર મેહતાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તમને વિનંતી છે કે આ મામલે સંતુલિત વલણ અપનાવવામાં આવે. અરજદારોની માગ છે કે લોકોને બે કલાક સુધી ગ્રીન ફટાકડા ફોડવાની છૂટ આપવી જોઇએ. દરમિયાન મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇએ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

તેમણે પૂછ્યું હતું કે, શું ૨૦૧૮ની સ્થિતિ ૨૦૨૪માં લાગુ થઇ શકે? જો ૨૦૧૮માં હવાનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૦ હતો તો ૨૦૨૪માં વધીને ૫૦૦ને પાર પહોંચ્યો હતો. પ્રદૂષણની પરિસ્થિતિમાં કોઇ સુધાર આવ્યો છે? એટલે કે ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ છતા પણ હવા પ્રદૂષણની સ્થિતિમાં કોઇ સુધારો નથી આવ્યો તેની નોંધ સુપ્રીમે લીધી હતી.

બાદમાં સોલિસિટર જનરલ તુષાર મેહતાએ વિનંતી કરી હતી કે બાળકોને બે દિવસ માટે ઉજવણી કરવા દેવી જોઇએ. દરમિયાન મુખ્ય ન્યાયાધીશ ગવઇએ આંશિક છૂટ આપવાના સંકેતો આપ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે સંપૂર્ણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હોવા છતા ફટાકડાનો ઉપયોગ યથાવત છે. અત્યંત આકરા આદેશ મુશ્કેલી લાવી શકે છે.

# જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં આજથી તા.૧૭ સુધી શોપિંગ ફેસ્ટિવલનું આયોજન




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરી વિકાસ વર્ષ, સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તથા વોકલ ફોર લોકલને પ્રાધાન્ય આપવાના હેતુથી સ્વદેશી મેળાનું આયોજન કરાયું કમિશ્નર ડી.એન.મોદી.સરકાર દ્વારા સ્વદેશી મેળામાં સ્વ સહાય જૂથના પીએમજેવાય યોજનાના ૪૪, પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓ દ્વારા ૨૪ ફૂડસ્ટોલ તથા હેન્ડીક્રાફ્ટ આઇટમના ૧૧ જેટલા સ્ટોલની વિનામૂલ્યે ફાળવણી કરાઈ

શોપિંગ ફેસ્ટિવલમાં દરરોજ રાત્રે ભવ્ય સાંસ્કૃતિક પ્રોગ્રામોનું પણ આયોજન.જામનગર, રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને સ્થાનિક ઉત્પાદનો, સેવાઓ, કલાકૃતિઓ, આર્ટીફિક્ટસ, ક્રાફ્ટ્સ તેમજ અન્ય સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તેમજ વોકલ ફોર લોકલ.વિભાવનાને પ્રાધાન્ય આપવાના હેતુસર રાજ્યમાં વિવિધ જગ્યાઓ પર સ્વદેશી મેળા શોપીંગ ફેસ્ટીવલ.નું આયોજન કરવામાં આવ્યું છે.જેના ભાગરૂપે જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી મેળા શોપીંગ ફેસ્ટીવલ.૧૭-૧૦-૨૦૨૫ સુધી પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે જામનગર મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદીના અધ્યક્ષ સ્થાને જામનગર મહાનગર પાલિકાના સભાખંડ ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ શોપીંગ ફેસ્ટીવલ દૈનિક સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. સ્વદેશી મેળા માટે ૯૦ ફૂટ ૧૯૫ ફૂટનો ડોમ તૈયાર કરાવવામાં આવેલ છે.સરકાર દ્વારા સ્વ-સહાય જૂથના જુદા-જુદા ૪૪ યોજના હેઠળના લાભાર્થીઓને તેમજ હેન્ડીક્રાફટ આઈટમના સ્ટોલ માટે ૧૧ લાભાર્થીઓને વિનામૂલ્યે સ્ટોલ ફાળવણી કરવામાં આવેલ છે. આ ઉપરાંત સ્વદેશી મેળાનો લાભ સ્વનીધી યોજનાના જુદા-જુદા ૨૪ લાભાર્થીઓને પણ લાભ મળે તે માટે સ્વદેશી મેળા સાથે ફૂડ સ્ટોલ પણ વિનામૂલ્યે ફાળવવામાં આવેલ છે.

શહેરના મહતમ નાગરિકોને વિકાસયાત્રામાં ભાગીદાર બનાવવા સ્વદેશી મેળા દરમ્યાન દૈનિક રાત્રે ૮ થી ૧૦ કલાક સુધી જુદા-જુદા ભવ્ય સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન પણ કરવામાં આવ્યું છે. દિવાળીના તહેવાર દરમિયાન સ્વદેશી વસ્તુઓને પ્રોત્સાહન આપવાના હેતુથી સ્વદેશી વસ્તુઓ તેમજ શોપિંગ ફેસ્ટીવલની મુલાકાત લેવા કમિશ્નરશ્રી દ્વારા અપીલ કરવામાં આવી છે,આ પત્રકાર પરિષદમાં નાયબ મ્યુનિસિપલ કમિશ્નર.ઝાલા, સીટી એન્જીનીયર.ભાવેશ જાની અને પત્રકારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના સક્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના પ્રયત્નોથી નાગરિકોની સુવિધામાં સતત વધારો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગુજરાત સરકારશ્રીની રૂ. ૬૦ કરોડની યોજના (GOG 60 Cr Scheme) અંતર્ગત દરિયાકાંઠાના વિસ્તારોમાં ખુલ્લી ૧૧ કેવી વીજ લાઈનોને અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અનુસંધાને ઉના શહેરમાં અંદાજીત રૂ. ૩૭ લાખના ખર્ચે ૧૧ કેવી મહુન્દ્રી અર્બન ફીડરની ''૧૧ કેવી'' વીજલાઈનને અંડરગ્રાઉન્ડ લાઈનમાં રૂપાંતરિત કરવાની કામગીરી કરવાની હોય, જેમનું ખાતમુહૂર્ત આજરોજ ઉનાના વિકાસશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે ઉના



નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, નગરપાલિકાના ઉપપ્રમુખના પ્રતિનિધિ મયંકભાઈ જોશી, નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન ધીરુભાઈ છગ, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, નગરપાલિકાના સદસ્ય ચંદ્રેશભાઈ જોશી, ગીરીશભાઈ પરમાર, કાનાભાઈ બાંભણીયા, રામજીભાઈ વાજા, ઘનશ્યામભાઈ જોશી, હરેશભાઈ જોશી, મહેબુબભાઈ કચરા, શહેર ભાજપ મહામંત્રી કાંતિભાઈ છગ, કિરીટભાઈ વાજા તેમજ બાબુભાઈ ડોડીયા, રમેશગીરી ગૌસ્વામી, આશિષભાઈ ધકાણ, કિશનભાઈ મકવાણા અને ના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા છેલ્લા ૮ વર્ષમાં ૫૭૯૦૫ રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારી અપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા પણ સમયાંતરે વિવિધ રોજગાર ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવતું હોય છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વણથંભી વિકાસયાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. આ દરમિયાન ગુજરાતે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, જેની વિકાસ ગાથા જન જનમાં ઉજાગર કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલન નેતૃત્વ હેઠળરાજ્યમાં તા.૭થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી થઇ રહી છે.નોકરીવાંચ્છુઓને તથા નોકરીદાતાઓને એકબીજા સાથે મેળવી આપવાનું કામ કરતી સરકાર હસ્તકની કચેરી એટલે રોજગાર કચેરી. નોકરી શોધનારાઓને માટે કઈ કઈ જગ્યાએ નોકરીની તકો ઉપલબ્ધ છે તે અંગેની તથા નોકરીદાતાઓને કયા પ્રકારના કર્મચારીઓની જરૂર છે તે અંગેની માહિતી ભેગી કરવી, આ રીતે એકત્રિત થયેલી માહિતીની જાણ સંબંધિત



વ્યક્તિઓને કરવાનું કામ રોજગાર વિનિમય કચેરીઓ બજાવે છે. વ્યવસાયલક્ષી સલાહ અને માર્ગદર્શન પૂરું પાડવું, સરકારી એજન્સીઓને, નોકરીદાતાઓને તથા આમ જનતાને ઉપયોગી થાય તેવી નોકરીઓ અંગેની સામાન્ય માહિતી પૂરી પાડવાની કામગીરી રોજગાર કચેરીઓ દ્વારા કરવામાં આવતી હોય છે.જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા પણ સમયાંતરે વિવિધ રોજગાર ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં વિવિધ ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ દ્વારા ઉપસ્થિત રહી સ્થળ પર જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવતી હોય છે. આ પ્રકારે છેલ્લા ૮ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૮ થી વર્ષ ૨૦૨૫ દરમિયાન જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ૫૭૯૦૫ રોજગારવાચ્છું ઉમેદવારોને રોજગારી આપવાનું કાર્ય કરવામાં આવ્યું છે. જેના થકી યુવાઓ આત્મનિર્ભર બન્યા છે. વર્ષ ૨૦૧૮માં ૧૦૦૫૨ જરૂરિયાતમંદ લોકોને, વર્ષ ૨૦૧૯માં ૮૬૦૮, વર્ષ ૨૦૨૦માં ૪૯૬૫, વર્ષ ૨૦૨૧માં ૫૭૩૭, વર્ષ ૨૦૨૨માં ૭૦૦૦, વર્ષ ૨૦૨૩માં ૭૨૪૭, વર્ષ ૨૦૨૪માં ૭૪૫૪ તથા ચાલુ વર્ષ ૨૦૨૫ દરમિયાન અત્યાર સુધીમાં ૬૮૪૨ જરૂરીયાતમંદ લોકોને રોજગારી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં યુવાઓની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. જેમાં ગુજરાત પણ યુવાનોને રોજગારી આપીને વિકસિત ગુજરાતની નેમ સાથે આ અભિયાનમાં અગ્રેસર બનીને સહભાગી થઈ રહ્યું છે. જે અંતર્ગત રાજ્યની રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૭,૭૧૨ ભરતીમેળાઓ તથા અન્ય સહાયક પ્રવૃતિઓ થકી અંદાજે ૧૩.૯૯ લાખ કરતા વધુ યુવાઓને રોજગારી આપવામાં આવી છે. ભારત સરકાર દ્વારા માર્ચ-૨૦૨૩માં પ્રસિદ્ધ થયેલા એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જીસ સ્ટેટીસ્ટીકસ-૨૦૨૩ મુજબ વર્ષ ૨૦૨૨માં રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા રોજગારીની તકો પ્રદાન કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે આવેલું છે.

# જામનગર જિલ્લામાં ફટાકડા ફોડવા અને વેચાણ અંગેના જરૂરી નિયંત્રણો અંગે પ્રતિબંધાત્મક હુકમ જાહેર

## દિવાળીના તહેવાર દરમિયાન રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, દિવાળીના તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે જામનગર જિલ્લામાં ફટાકડા ખરીદ, વેચાણ તથા તેના ઉપયોગ પર નિયંત્રણ મુકવા અંગેનો હુકમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભાવેશ એન ખેર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આ હુકમ મુજબ દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૮ થી ૧૦ કલાક સુધી જ ફોડી શકાશે.સિરીઝમાં જોડાયેલા ફટાકડા થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકશે નહિ, ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકશે નહી.



હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO (Petroleum & Explosives Safety Organization) સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel Level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે PESO દ્વારા એવા અધિકૃત માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર PESO થી સુચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે.હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવે છે અને ત્યાં કોઈપણ પ્રકારના ટાકડા ફોડી શકાશે નહીં.કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહીં. ઈ-કોમર્સ વેબસાઈટ ફલીપકાર્ટ, એમેઝોન સહીતની કોઈપણ ઈ-કોમર્સ વેબ સાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી કે ઓનલાઇન વેચાણ કરી શકાશે નહી.

લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જામનગર જિલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી., બોટીંગ પ્લાન્ટ, એલ.પી.જી.ગેસના સ્ટોરેજ કે અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોડાઉનની નજીક ફટાકડા.દારૂખાનું ફોડી શકાશે નહીં.

કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટર્ન ચાઈનીઝ તુકકલ આતશબાજી બલુન.નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાળી શકાશે નહી.ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓએ કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમકોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવે છે તથા ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.આ જાહેરનામું તા.૫-૧૧-૨૦૨૫ સુધી સમગ્ર જામનગર જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે.

# જામનગર જિલ્લાની ૩૧ ગૌશાળા તથા પાંજરાપોળ માટે રૂ. ૧.૮૪ કરોડની આર્થિક સહાય મંજૂર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જામનગર ખાતે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના વર્ષ- ૨૦૨૫- ૨૬ અન્વયે જિલ્લા કક્ષાની સમિતિની બેઠક મળી હતી. જેમાં કલેકટર દ્વારા પાત્રતા ધરાવતી સંસ્થાઓની ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આવેલી અરજીઓને ધ્યાને લઈ સહાય માટે મંજૂરી અપાઈ છે.આ યોજના અંતર્ગત એપ્રિલ -૨૫ થી જૂન-૨૫ પ્રથમ હપ્તો વર્ષ ૨૦૨૫-૨૬ના કુલ ૯૧ દિવસ પ્રમાણે પશુ નિભાવ સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ ઉપર કુલ ૩૪ સંસ્થાઓએ અરજી કરેલ હતી. તે પૈકી જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા દૈનિક પશુઓની સંખ્યા ૧,૦૦૦ થી ઓછી ધરાવતી કુલ ૩૧ સંસ્થાઓની અરજીઓ મંજૂર કરવામા આવી છે.આમ, જિલ્લામાંથી કુલ ૩૧ સંસ્થાઓના પ્રથમ તબક્કાના કુલ ૬૭૬૨ પશુઓ માટે પ્રતિ દિન રૂ.૩૦.પશુ લેખે કુલ ૧,૮૪,૬૦,૨૬૦ રૂપિયાની સહાય કલેકટર કેતન ઠક્કર દ્વારા મંજૂર કરવામાં આવી અને મંજૂર થયેલ અરજીઓને ચુકવણા માટે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવામાં આવશે.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, જિલ્લા પંચાયત- જામનગર, નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ટ પશુસુધારણા યોજના-જામનગર, સમિતિના જિલ્લા કક્ષાના પ્રતિનિધિ અને સમિતિના સભ્ય સચિવ નાયબ પશુપાલન નિયામક ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જીલ્લાના ૧૫૪ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ.સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ બી.એન.ખેર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૦૮-૧૧-૨૦૨૫ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જામનગરના રેકર્ડબ્રેક જીએસટી કૌંભાડમાં ૫૬૦ કરોડનું બોગસ બીલીંગ: સીએ સામે જીએસટી કૌભાંડના પ્રકરણમાં વધુ એક પોલીસ ફરીયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રેકર્ડબ્રેક જીએસટી કૌંભાડ રાજયવ્યાપી અને ૧૧૨ કરોડની કરચોરી કરવામાં આવી હોવાનો તપાસના અંતે ઘટસ્ફોટ થતા ખળભળાટ મચી ગયો છે. રાજયવ્યાપી કૌંભાડના મુખ્ય સૂત્રધાર જામનગરના સીએ અલ્કેશ પેઢડીયા દ્વારા કરવામાં આવેલા રૂ.૫૬૦ કરોડના બોગસ બીલીંગના નેટવર્કનો પર્દાફાશ થયો છે અને તે નાસતો ફરતો હોય તેની સામે લુકઆઉટ નોટીસ જાહેર કરવામાં આવી છે. મેગા સર્ચમાં જામનગર સહીત રાજયભરમાં ૨૫ સ્થળો પર તપાસમાં ૧૪ પેઢી બોગસ હોવાનું ખૂલ્યું છે. આટલું જ નહીં જામનગર સહીત રાજયભરમાં આ કૌંભાડમાં સંડોવાયેલા શખ્સોની રૂ૩૬ કરોડની સ્થાવર અને જંગમ મિલકતો ટાંચમાં લેવામાં આવી છે.જામનગરમાં સ્ટેટ જીએસટીની અન્વેષણ વિભાગ અમદાવાદ, રાજકોટ,ભાવનગર અને જૂનાગઢની ૨૫ ટીમ દ્વારા મેગાસર્ચ ઓપરેશન હાથ ધરી સીએ, વકીલ, બિલ્ડર્સ અને બ્રાસપાર્ટ પેઢીઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં શહેરના હીરજી મીસ્ત્રી રોડ પર બ્રહ્મ એસોસીએટ પેઢી ધરાવતા સીએ અલ્કેશ પેઢડીયા દ્વારા અનેક પેઢીઓમાં બેનામી હીસાબો અને વ્યવહારો કરી ૧૦૦ કરોડનું કૌંભાડ આચરવામાં આવ્યાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું. આથી તેના ઘેર અને અન્ય એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કૌંભાડના તપાસનો સીલસીલો સતત સાત દીવસ સુધી ચાલ્યો હતો.આ દરમ્યાન જામનગર સહીત રાજયભરમાં ૨૫ સ્થળો પર તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન સમગ્ર કૌંભાડના મુખ્ય સૂત્રધાર સીએ અલ્કેશ પેઢડીયાએ રૂ.૫૬૦ કરોડના બોગસ બીલીંગ કરી રૂ.૧૧૨ કરોડની કરચોરી કરી હોવાનો પર્દાફાશ થતા જામનગર સહીત રાજયભરમાં ખળભળાટ મચી ગયો છે. આટલું જ નહીં તપાસ દરમ્યાન ૧૪ પેઢી બોગસં એટલે કે નોન જેન્યુઅન ટેકસપેયર હોવાની સંડોવણી બહાર આવી છે. જેઓ માલની ફીઝીકલ મુવમેન્ટ વગર ફકત ઈન્વોઇસ બનાવી ખોટી રીતે ઈનપુટ ટેકસ ક્રેડીટનો દાવો કરતા હોવાનું ખૂલ્યું છે. પ્રારંભીક તપાસ સંબધિત પેઢીઓના માલીકોએ નિવેદનમાં જણાવ્યું છે કે, આવી અનેક પેઢીઓ સીએ અલ્કેશ પેઢડીયા દ્વારા ચલાવામાં આવીતી હતી.તપાસ દરમ્યાન અમુક નીયમ જીએસટી નંબર ધરાવતા કરદાતાઓને જીએસટી નંબરનો દુરપયોગ કર્યાનું પણ ખૂલ્યું છે. તેઓએ જણાવ્યું છે કે સીએ અલ્કેશ દ્વારા જીએસટી કમ્પલાઈન્સ સર્વીસના બહાને વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ભોગ બન્યા છે અને તેઓ દ્વારા પોલીસ ફરીયાદ કરવાનો નિર્ણય કરાયો છે. જયારે અમુક પેઢી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી વેરાકીય જવાબદારી સ્વીકારી નિયમ મુજબ વ્યાજ અને દંડ ભરપાઇ કરવાની ખાતરી આપી છે.જામનગરના સીએ અલ્કેશ પેઢડીયા સામે ૩.૭૦ કરોડના ચિટીંગની વધુ એક ફરીયાદજામનગરમાં જીએસટીના બોગસ બિલીંગ કૌભાંડના ચકચારી પ્રકરણમાં સીએ સામે વધુ એક ૩.૭૦ કરોડની છેતરપીંડી કર્યાની પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવતા ચકચાર વ્યાપી છે જેની તપાસ એલસીબી દ્વારા હાથ ધરવામાં આવી છે.જામનગરના રણજીતસાગર રોડ, પટેલ પાર્ક શેરી નં. ૨માં રહેતા સંજય રસિકભાઇ ચિતારા નામના વેપારી શ્રુતી એન્ટરપ્રાઈઝ નામે પેઢી ધરાવે છે આ પેઢીના ઈન્કમટેક્ષ રીટર્ન, જીએસટી રીટર્ન ફાઈલનું કામ સીએ અલ્કેશ પેઢડીયા સંભાળે છે, ફરીયાદીને હોમલોન ફાઇલ કરાવી આપેલ અને બેન્ક એકાઉન્ટ નંબર, પેઢીના મોબાઇલ નંબર, ઈમેલ એડ્રેસ સીએએ રાખેલ હતુ જેથી ઓટીપી પણ તે નંબરમાં આવે છે.દરમ્યાન જીએસટી વિભાગ તરફથી પેઢીના નામે સમન્સ બજવણી ગત તા. ૨-૯-૨૫ના રોજ થતા નિવેદન આપેલ ત્યારે જાણવા મળેલ કે ફરીયાદીના જીએસટી રીટર્નમાં ખરીદ વેચાણના ગ્રાહકોના બીલો બતાવેલ છે, જો કે ફરીયાદી તમામ બીલોમાં સપ્લાયર કે ગ્રાહક વ્યકિતને ઓળખતા નથી આ અંગે સીએને ફોન કરતા વાત કરેલ કે જીએસટી રીટર્ન ફાઇલ કરેલ તેમા ખોટા બીલો દર્શાવેલ છે અને તેઓ પેનલ્ટીનું સુલટાવી નાખશે તેમ જણાવ્યુ હતું.

પેઢીમાં સને ૨૦૧૮થી ૩૦-૯-૨૫ના સમયગાળા દરમ્યાન ખરીદ વેચાણના બીલો દર્શાવી જામનગરના હીરજી મિસ્ત્રી રોડ બ્રહ્મ એન્ડ એસોસીએટવાળા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડીયાએ ૩.૭૦ કરોડની વેરા શાખ ફરીયાદીની જાણ બહાર કરી ખોટા બીલોના આધારે વિશ્વાસઘાત કર્યો હતો આથી સંજયભાઇ ચિતારા દ્વારા ગઇકાલે સીટી-સી ડીવીઝનમાં સીએ અલ્કેશ પેઢડીયા વિરુધ્ધ આઇપીસી ૪૦૬ મુજબ ફરીયાદ નોંધાવતા આ અંગેની તપાસ એલસીબી પીએસઆઇ પી.એન. મોરી ચલાવી રહયા છે. આમ જામનગરના સીએ સામે જીએસટી કૌભાંડના પ્રકરણમાં વધુ એક પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવતા ચકચાર વ્યાપી છે.જામનગરનું ઐતિહાસીક જીએસટી કૌંભાડ રાજયવ્યાપી હોવાનું તપાસમાં ખૂલ્યું છે. ત્યારે અમદાવાદની જીએસટીની વડી કચેરી દ્વારા તપાસ દરમ્યાન જામનગર સહીત રાજયભરમાં ૨૫ સ્થળો પર તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાહેર કરાયું છે. પરંતુ કયાં કયાં શહેરોમાં અને કંઇ કંઇ પેઢીઓમાં તપાસ કરવામાં આવી હતી, કંઇ પેઢીની કૌંભાડમાં શું ભૂમિકા હતી તે સહીતની વિગતો જાહેર કરવામાં ન આવતા અને પેઢીના નામ ગુપ્ત રાખવામાં આવતા આ કામગીરી સામે શંકા સાથે અનેક સવાલ ઉઠયા છે.ફરાર સીએની આગોતરા જામીન અરજીની ૧૪મીએ સુનાવણી થશે

જામનગર સહીત રાજયવ્યાપી જીએસટી ચોરી કૌંભાડનો માસ્ટર માઈન્ડ સીએ અલ્કેશ પેઢડીયા દરોડના પ્રથમ દિવસથી ફરાર થઇ ગયો છે. આટલું જ નહીં તેની ધરપકડ માટે સુરક્ષા એજન્સીઓ કામે લાગી છે. ત્યારે ધરપકડથી બચવા માટે સીએ અલ્કેશે જામનગરની ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. જેની સુનાવણી ૧૪ ઓકટોમ્બરના મુકરર કરવામાં આવી છે.અનેક બેંક ખાતામાં નાણાંકીય વ્યવહારો, ફંડનો ઉપયોગ કયાં કરાયો તેની તપાસ.જામનગરના જીએસટીનું મેગા કૌંભાડ રાજયભરમાં ફેલાયેલું હોવાનું ખૂલતા તપાસનીશ અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતાં. આટલું જ નહીં તપાસ દરમ્યાન ખોટા ઈન્વોઇસ અને નાણાંકીય રેકર્ડમાં ગેરરીતિના પુરાવા મળ્યા છે. આથી શંકાસ્પદ દસ્તાવેજો,કોમ્પ્યુટર અને અન્ય ડીજીટલ સ્ટોરેજ ડીવાઈસ જપ્ત કરવામાં આવ્યા છે. તપાસ દરમ્યાન અનેક બેંક ખાતામાં નાણાંકીય વ્યવહારો અને લેયર જોવા મળ્યા હોવાનું ખૂલતા મસમોટું ફંડ કંઇ દીશામાં ડાઝવર્ઝન કરવામાં આવ્યું છે એટલે કે કયાં ઉપયોગ કરવામાં આવ્યો છે તે દીશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. રૂ.૪.૬૨ કરોડની આઇટીસી બ્લોક, બેંક ખાતા ફ્રીઝ કરાયા.જીએસટીના અધિકારીઓ દ્વારા તપાસ દરમ્યાન મસમોટી કરચોરીનું કૌંભાડ ખૂલતા મળવાપાત્ર ન હોય તેવી રૂ.૪.૬૨ કરોડની આઇટીસી એટલે કે ઈનપુટ ટેકસ ક્રેડીટ બ્લોક કરી બેંક ખાતા ફ્રીઝ કરી રૂ.૧ કરોડથી વધુની રકમ સીઝ કરાઇ છે. જયારે કૌંભાડમાં સંડોવાયેલા શખ્સોની ૩૬ કરોડની સ્થાવર અને જંગમ મીલકત ટાંચમાં લેવાઇ છે.

# ધોરાજીના હકાભાઇ બટેટા વાળા તથા રાજુભાઈ એરડા નો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

હાલ છેલ્લા ઘણા સમયે ધોરાજી ની અંદર સેવાકીય પ્રવૃતિ સામાજિક પ્રવૃત્તિ કરતા રાજુભાઈ તથા હકાભાઇ બટેટા દ્વારા ગરીબ માણસો વિદ્યાર્થીઓ તેમજ વિવિધ સેવા કે પ્રવૃત્તિ કરતા હોય જેને લઈને યુવા વર્ગ તથા વિવિધ સમાજના આગેવાનો દ્વારા આ બંને વ્યક્તિનો હાર તથા સાલ ઓઢાળી અને સન્માન કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યામાં વિવિધ ટ્રસ્ટી ગણો સામાજિક આગેવાનો પત્રકાર મિત્રો તથા રાજકી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને





સાલ તથા ફાલતુરા પહેરાવી સન્માન કરાયું હતું.

# જામનગર શહેરમાં નંદધામ સોસાયટીના રહેવાસીઓ દ્વારા સરકારને જગાડવા ઘંટનાદ સાથે રેલી યોજાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પ્રણામી હાઇસ્કુલ સામેના વિસ્તારમાં નંદધામ સોસાયટીમાં આવેલ પ્લોટનો પ્લાન મંજુર થયો છે ત્યારે સાર્વજનીક કોમન પ્લોટ નોંધાયેલ છે જેનું ક્ષેત્રફળ ૫૪૩ ચો.ફુટ થાય છે ત્યાં કેટલાક તત્વો દ્વારા બાંધકામ કરીને ઔધોગીક માટે ભાડે આપી તેમા આવક વસુલ કરે છે.આવા લોકો સામે પગલા લેવા એડવોકેટ પી.આર. જોશી દ્વારા તા. ૨૦ જુનના રોજ લેન્ડ ગ્રેબીંગ એકટ અંગે ફરીયાદ કરી હતી, આજે રહેવાસીઓ દ્વારા ઘંટનાદ સાથે રેલી યોજવામાં આવી હતી અને જીલ્લા પોલીસવડાને આવેદન પત્ર અપાયુ હતું, નંદધામ સોસાયટીથી પટેલ સમાજથી, સાત રસ્તા, લાલબંગલા, મહાપાલીકામાં પણ આ અરજી આપવામાં આવી છે.



# રાજકોટમાં રેસકોર્ષ મેદાન ખાતે સ્વદેશી મેળાનું ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે ઉદ્દઘાટન

## આત્મનિર્ભર ભારત બનાવવા માટે લોકો સ્વદેશી અપનાવે તે જરૂરી છેઃ મેયર નયનાબેન પેઢડીયા






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ''વિકાસ સપ્તાહ''ની ઉજવણી અન્વયે 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાન અંતર્ગત રેસકોર્ષ મેદાન ખાતે તા. ૧૫ ઓક્ટોબર સુધી આયોજિત સ્વદેશી મેળાનું ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે રીબીન કટ કરીને ઉદ્દઘાટન કરાયું હતું. આ તકે મેયર નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતા અને ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની ઉપસ્થિતિમાં સ્વદેશી મેળા - શોપિંગ ફેસ્ટિવલનો ઉદ્દઘાટન સમારોહ યોજાયો હતો.

મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે ટેકનોલોજીના યુગમાં હસ્તકળા વીસરાઈ રહી છે. ત્યારે સરકાર કળાકારીગરીને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક કારીગરોને આર્થિક ટેકો આપવા આ પ્રકારના મેળા યોજે છે. લોકો સ્વદેશી અપનાવે, તે આત્મનિર્ભર ભારત બનાવવા માટે જરૂરી છે. આ સ્વદેશી મેળામાં લોકો એક જ સ્થળેથી જીવનજરૂરી અને ઘરશણગારની વસ્તુઓ ખરીદી શકે છે. ત્યારે શહેરીજનો અહીં દેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓની ખરીદીનો આગ્રહ રાખે. કારણ કે સ્વદેશી અપનાવવું એ દેશભક્તિ સમાન છે. 'સ્વદેશી શક્તિ હૈ, રાષ્ટ્ર ભક્તિ હૈ'.

આ વેળાએ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કહ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવા સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વદેશી ઉત્પાદનોના વેચાણથી લઘુ ઉદ્યોગો અને કારખાનાને પ્રોત્સાહન મળશે તેમજ મેક ઇન ઈન્ડિયા અને લોકલ ફોર વોકલ અભિયાનોને વેગ મળશે. જેના માટે નાગરિકોની સક્રિય ભાગીદારીની પણ એટલી જ આવશ્યકતા છે. મહાત્મા ગાંધીજીએ વિદેશી કપડાંનો બહિષ્કાર કરીને ખાદીના કાપડનો ઉપયોગ કરીને સ્વદેશી વસ્તુઓ અપનાવવાની પ્રેરણા આપી હતી. ત્યારે આપણે સ્થાનિક ઉત્પાદનો અપનાવીને 'ઘર ઘર સ્વદેશી, હર ઘર સ્વદેશી' સૂત્રને સાકાર કરીએ. રાજકોટ સ્માર્ટ સિટી બન્યું છે, સ્વચ્છતા સર્વેક્ષણમાં પણ મોખરે છે, જે બદલ રાજકોટવાસીઓને અભિનંદન.

આ કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી આરંભ કરાયા બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકરે શાબ્દિક સ્વાગત દરમિયાન આ મેળાની રૂપરેખા જણાવી હતી અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ આભાર વિધિ કરી હતી. આ તકે સાંકૃતિક કૃતિ રજૂ કરાઈ હતી. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર તુષારભાઈ સુમેરા, અગ્રણીઓ માધવભાઈ દવે, મનીષભાઈ રાડીયા, લીલુબેન જાદવ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટની સરકારી પોલીટેકનીક ખાતે ''નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત'' વિષય પર સેમિનાર અને વર્કશોપનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સરકારી પોલિટેકનિક ખાતે રામકૃષ્ણ આશ્રમ અને માય ભારત સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ''નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત'' વિષય પર એક દિવસીય સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં વક્તાઓ રંજનબેન ત્રિવેદી અને મીનાબેન અંતાણીએ યુવા પેઢીને ડ્રગમુક્ત જીવનશૈલી તરફ વળવા માટે વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું.

વક્તાઓએ વિદ્યાર્થીઓમાં માદક દ્રવ્યોથી શરીર અને મનને થતાં નુકસાન અંગે માહિતી આપી હતી. તથા શિસ્તબદ્ધ મૂલ્યો આધારિત અને વ્યસનમુક્ત જીવન જીવવા અંગે સમજાવ્યું હતું. જે વિકસિત ભારતના વિઝનમાં મહત્વનું યોગદાન આપશે. વિદ્યાર્થીઓએ ધ્યાન તથા આધ્યાત્મિક પ્રવૃત્તિઓ અંગે નિષ્ણાતો સાથે સંવાદ સાધ્યો હતો. ત્યાર બાદ ઉપસ્થિત સર્વેએ નશામુક્તિના શપથ લીધા હતા.

કાર્યક્રમમાં રાજકોટની જી.પી. રાજકોટ તથા બી.કે. મોદી ફાર્મસી કોલેજ રાજકોટના છાત્રાલયના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું સાસણ ગીર હેલીપેડ ખાતે ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું

## રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા સહિતના મહાનુભાવોએ રાષ્ટ્રપતિને આવકાર્યા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુજરાતની મુલાકાતે છે. સોમનાથ મહાદેવના દર્શન બાદ રાષ્ટ્રપતી દ્રૌપદી મુર્મુનું જુનાગઢ જિલ્લાના સાસણ નજીકના ભાલછેલ હેલીપેડ ખાતે ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.

સાસણ ગીરની મુલાકાતે પધારેલા રાષ્ટ્રપતિને રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા, વન અને પર્યાવરણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી સંજીવકુમાર, વન વિભાગના મુખ્ય વન સંરક્ષક ડો. એ.પી. સિંઘ, કલેકટર અનિલકુમાર રાણાવસિયા અને જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાએ પુષ્પગુચ્છ અર્પણ કરી આવકારી સ્વાગત કર્યું હતું.

# જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં સ્વદેશી મેળો શોપીંગ ફેસ્ટીવલ નો પ્રારંભ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા આયોજીત સ્વદેશી મેળો શોપીંગ ફેસ્ટીવલ.નો આજથી પ્રદર્શન ગ્રાઉન્ડમાં આરંભ થયો છે. આ મેળાનું ઉદઘાટન મેયર વિનોદભાઈ ખીમસૂર્યાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, કોર્પોરેટર, અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતાં. મહાનુભાવોએ મેળાના વિવિધ સ્ટોલોની મુલાકાત લીધી હતી.

# શાપરની પરિણીતાનું કમળાની બીમારી સબબ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં રહેતી પરિણીતાનું કમળાની બિમારી સબબ મોત નિપજયું છે. પરિણીતાના મોતથી પરિવારમાં કરૂણકલ્પાંત સર્જાયો છે. આ બનાવ અંગે શાપર વેરાવળમાં આવેલી સર્વોદય સોસાયટીમાં રહેતા શ્રીમતીદેવી મનજયભાઈ રાજપૂત નામની ૩૫ વર્ષની પરિણીતા સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં પરિણીતાનું સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતાં શાપર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરણીતાના મૃતદેહને ફોરેન્સીક પોસ્ટમોટમ અર્થે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પુછપરછમાં શ્રીમતીદેવી રાજપૂતનું કમળાની બિમારી સબબ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. પોસ્ટમોટર્મ રિપોર્ટ બાદ પરણીતાના મોતનું કારણ બહાર આવશે. તેવું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે શાપર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રેલ્વે સ્ટેશનોમાં દિવાળીનો તહેવાર નજીક આવતા મુસાફરોની ભીડ જામી

## દિવાળી - છઠ્ઠ પૂજા ઉજવવા બિહાર, બંગાળ, ઝારખંડ, દક્ષિણ ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના રાજયોનાં શ્રમિકોએ વતનની વાટ પકડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળી અને છઠ્ઠ પૂજા તહેવારો નજીક આવતાની સાથે દુર-દુરના રાજયોમાંથી સૌરાષ્ટ્રમાં રોજગારી મેળવવા આવેલા શ્રમિકોએ હવે વતન ભણી વાટ પકડતા રાજકોટનાં રેલ્વે સ્ટેશનમાં મુસાફરોની ચિકકાર ગીર્દી જોવા મળી રહી છે.

દિલ્હી, રાજસ્થાન, બિહાર, બંગાળ, ઝારખંડ, મહારાષ્ટ્ર તરફ જતી ટ્રેનો હાઉસફુલ દોડી રહી છે. શ્રમિક પરિવારો દિવાળી પહેલા જ વતન પહોંચવા અધિરા બન્યા છે. લાંબા અંતરની સાપ્તાહિક ટ્રેનોમાં હવે કન્ફર્મ ટિકિટ મળવી મુશ્કેલ બની છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અનેક જિલ્લાઓમાં ઔદ્યોગિક એકમો અને કૃષિ ક્ષેત્રે સંકળાયેલા પરપ્રાંતિય લાખો-હજારોની સંખ્યામાં વસવાટ સાથે રોજગારી મેળવી રહ્યા છે.

દિવાળી અને ભાઈબીજ અને છઠ્ઠ પૂજાનું વિશેષ મહત્વ હોવાથી દર વર્ષે પોત-પોતાના વતનમાં તહેવારો ઉજવવા જતા હોય ત્યારે આગામી દિવાળી તહેવારો નજીક આવતા હવે વતનની વાટ પકડતા રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પર ચિકકાર ગીર્દી જોવા મળી રહી છે. વહેલી સવારથી અને મોડી રાત સુધી ઉપડતી ટ્રેનોમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

પશ્ચિમ રેલ્વે દ્વારા દિવાળી અને છઠ્ઠ પૂજા ફેસ્ટિવલ સીઝન માટે દેશભરમાં વિશેષ ભાડા સાથે સ્પે.ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. જેમાં રાજકોટ ડિવિઝનમાં ચાર સ્પે. સાપ્તાહિક ટ્રેનોનો સમાવેશ કરાયો છે.

દિવાળી તહેવારોની ટ્રેનોનું ગત જુલાઈ-ઓગષ્ટ માસમાં એડવાન્સ બુકિંગ ખુલતા મોટાભાગની લાંબા અંતરની ટ્રેનો હાઉસફુલ થઈ ગઈ હતી. હાલ તમામ ટ્રેનોમાં મોટુ વેઈટીંગ જોવા મળી રહ્યું છે.

હાલ એક માત્ર તત્કાલ ટિકિટનો વિકલ્પ બચ્યો છે. દિવાળી-છઠ્ઠ પૂજાના તહેવારોમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા રેલ્વે તંત્રએ સ્પે. ટ્રેનો રૂટ ઉપર મુકી છે. જેનો પ્રવાસીઓ લાભ લઈ રહ્યા છે. રાજકોટના રેલ્વે સ્ટેશન (જં.) પર હાલના દિવસોમાં જ મુસાફરોનો ટ્રાફિક જોવા મળી રહ્યો છે. રેલ્વે પોલીસ અને સ્થાનિક પોલીસે સુરક્ષા વ્યવસ્થામાં ખાસ વધારો કર્યો છે.

શંકાસ્પદ જણાતા મુસાફરોના સામાન ચેક કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત પ્લેટફોર્મ ઉપર સીસીટીવી કેમેરા મારફત બાજ નજર રાખવામાં આવી રહી છે. આગામી દિવાળી, નૂતન વર્ષ, છઠ્ઠ પૂજા, પૂર્વ પ્રાંતિય મુસાફરોનો મોટો ધસારો રહેશે. છઠ્ઠ પૂજા બાદ પરપ્રાંતિય શ્રમિકો પરત સૌરાષ્ટ્રમાં પાછા ફરશે. નવેમ્બર માસના બીજા સપ્તાહ સુધી રેલ્વે સ્ટેશનો પર પ્રવાસીઓનો ટ્રાફિક જોવા મળશે.

હાલના દિવસોમાં રાજકોટ રેલ્વે સ્ટેશન (જં)ના તમામ પ્લેટફોર્મ પર મુસાફરોનો ટ્રાફીક વધતા રેલ્વે સ્યેશનમાં ચીકકાર ગીર્દી જોવા મળી રહી છે.

# જામનગરના ગુમ થયેલા બાળકને શોધી પરિવારને પરત સોંપતી પંચકોશી 'બી' પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક પરિવારનો આઠ વર્ષનો બાળક પરિવારથી વિખૂટો પડી ગયા પછી પોલીસને જાણ કરાતા પોલીસે આ બાળકને શોધી કાઢી પરિવાર સાથે પુન.મિલાપ કરાવ્યો છે.

જામનગરની દ્વારકેશ સોસાયટીમાં રહેતા એક પરિવારનો આઠ વર્ષનો બાળક પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યો જતાં તેના પરિવારે શોધખોળ કર્યા પછી પોલીસને જાણ કરી હતી. તે બાળકનો ફોટો, વર્ણન વગેરે મેળવી પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે પીઆઈ વી.જે. રાઠોડના વડપણ હેઠળ શરૂ કરેલી તપાસમાં આ બાળકનો પત્તો લાગ્યો હતો.

પરિવારથી વિખૂટો પડી ગયેલા આ બાળકને તેના વાલીઓને સોંપવામાં આવ્યો છે.

# 3 દિવસમાં રાજકોટ યાર્ડમાં ૫૦,૦૦૦ મણ મગફળી

## ૩૮૨૦૦ મણ કપાસ સાથે સોયાબીનનું બમ્પર વેંચાણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દિવાળી પૂર્વે ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે. કારણ કે, ખેડૂતો દ્વારા ઉત્પાદિત જણસી મોટા પ્રમાણમાં રાજકોટ યાર્ડમાં ઠાલવવામાં આવી રહી છે, જેનો સારો એવો ભાવ પણ જગતાતને મળી રહ્યો છે. જેમાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન રાજકોટ સ્થિત બેડી માર્કેટિંગ યાર્ડ ખાતે અંદાજે ૫૦ હજાર મણ મગફળી ઉપરાંત ૩૮,૨૦૦ મણ કપાસ વેચાણ માટે આવ્યો હતો. આ સાથે જ યાર્ડમાં હાલમાં ખેડૂતોને સારા ભાવ મળી રહ્યા હોવાથી ખેડૂતોએ જીરું તેમજ તલ ઉપરાંત નવી સિઝનનો સોયાબીનનો જથ્થો પણ મોટી માત્રામાં વેચાણ માટે લાવ્યા હતા.

ગત વર્ષે સારા અને સમયસર વરસાદને કારણે ખેડૂતો ખુશખુશાલ છે. ખરીફ મોસમાં રાજકોટ, મોરબી, જામનગર સહિતના જિલ્લામાં વરસાદી વિઘ્ન નડયું ન હોવાથી ખેડૂતોને મગફળીનો તેમજ કપાસનો બમ્પર પાક ઉતર્યો છે. જો કે, યાર્ડમાં હાલમાં મગફળીના ભાવ જીણીના ૭૫૦ અને જાડી મગફળીના ૭૫૦થી લઈ ૧૨૦૦ સુધીના ભાવ પ્રતિમણના ઉપજી રહ્યા છે. આ સાથે જ કપાસ પ્રતિમણના ૧૨૨૧થી ૧૫૬૦, જીરુંના ૩૧૫૦થી ૩૪૫૦, તલના ૧૪૭૦થી ૨૦૧૩ અને સોયાબીનના ૫૮૦થી ૮૫૬ સુધીના ભાવ મળી રહ્યા છે.

દિવાળી નજીક આવતા જ ખેડૂતો શિયાળુ વાવેતર માટે તૈયારી અને દિવાળીના ખર્ચને પહોંચી વળવા મોટાપાયે જણસી વેચાણ માટે આવી રહ્યા છે. જેમાં ત્રણ દિવસમાં જ મગફળી, કપાસ, જીરું, તલ અને સોયાબીનની દોઢ લાખ મણથી વધુની આવક થઇ હતી. જેથી ખેડૂતોમાં પણ દિવાળી પૂર્વેની ખુશી જોવા મળી હતી.

## મનપાના ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ

# ડેરી, રેસ્ટોરન્ટ, મીઠાઇ શોપમાંથી દૂધ બનાવટના 30 સેમ્પલ લેવાયાં

## મનપાની આરોગ્ય શાખાની દિવાળીના તહેવારો પૂર્વે સતત ડ્રાઇવ ચાલુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો પૂર્વે રાજકોટ શહેરમાં વિવિધ વિસ્તારોમાં મહાનગરપાલિકાની આરોગ્યશાખાએ શુક્રવારે વિવિધ ડેરીઓ, રેસ્ટોરન્ટ, મીઠાઇ શોપ સહિતના સ્થળોએથી ડેરી પ્રોડક્ટના ૩૦ જેટલા સેમ્પલો લઇ તપાસણી માટે ફૂડ લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

મનપાના ફૂડ વિભાગ દ્વારા દીપક સોસાયટીમાં લક્ષ્મી જાંબુમાંથી મોળો માવો, શ્રીરામ જાંબુમાંથી માવો, અમીન માર્ગ પર પાયલ પંજાબી ફૂડમાંથી પનીર, પુષ્કરધામચોકમાં જશોદા ડેરીમાંથી પનીર અને મિક્સ ડ્રાયફ્રુટસ રોલ, રામદૂલારે સોસાયટીમાંથી પનીર, પંગત રેસ્ટોરન્ટમાંથી પનીર અને BMB ડેરી પીઝા ચીઝના નમૂના લેવાયા હતા.

આ ઉપરાંત યુનિવર્સિટી રોડ પર ગીતા જીનિંગ એન્ડ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝમાંથી કપાસિયા અને સીંગતેલ, હનુમાન મઢી પાસે હરભોલે ડેરી ફાર્મમાંથી મીઠો માવો, કમિશનર બંગલા સામે પાપા લુઇઝમાંથી પનીર, કોટેચાનગર મેઇન રોડ પર ડાયમંડ એન્ટરપ્રાઇઝમાંથી પનીર, પ્રોસેસ્ડ ચીઝ, કોટેચાનગર મેઇન રોડ પર મદ્રાસ કાફેમાંથી પ્રોસેસ્ડ ચીઝ, બટર, કોટેચા મેઇન રોડ પર પાટિલ વડાપાઉં એન્ડ મિસલ હાઉસમાંથી મિલ્કી મિસ્ટ પીઝા ચીઝના નમૂના લેવાયા હતા.

દીપક સેન્ડવીચમાંથી મલાઇ પનીર, કોટેચા સ્કૂલ પાસે બોમ્બે સ્ટ્રીટ ફૂડ ઢોસામાંથી કવોલિટા ચીઝ એનાલોગ, શ્રીમાન છોટુજી સમોસાવાલેમાંથી શુધ્ધ ઘી, વેલ્ધી ફૂડમાંથી પનીર, દીપ સેન્ડવીચમાંથી બટર, પાયલ પંજાબી ફૂડ પાર્સલમાંથી ચીઝ, પાટીદાર ચોક પાસે શાહી એન્ટરપ્રાઇઝમાંથી પનીર, મોઝરેલા ચીઝ, કોઠારિયા ગામે આવેલા દેવ ફેમિલી રેસ્ટોરન્ટમાંથી બટરના નમૂના લીધા હતા.

તેમજ લાખના બંગલા પાસે જય જલારામ દુગ્ધાલયમાંથી મોળો માવો, જામનગર રોડ પર ગાયત્રી ડેરીફાર્મમાંથી ભેંસનું દૂધ અને મિક્સ દૂધના નમુના લીધા હતા.

આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે રૈયા રોડ પર આમ્રપાલી ફાટકથી હનુમાનમઢી સર્કલ સુધીમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૨૦ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫ ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી.

### જામનગરમાં જાગૃતિ સોસાયટીમાંથી ઘોડીપાસા વડે જુગાર રમી રહેલા પાંચ આરોપીઓ પકડાયા

જામનગરના જાગૃતિ સોસાયટી વિસ્તારમાં સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે જુગાર અંગે દરોડો પાડ્યો હતો, અને ઘોડીપાસાનો જુગાર રમી રહેલા પાંચ શખ્સોની અટકાયત કરી લીધી છે.જામનગરમાં જાગૃતિ નગર વિસ્તારમાંથી જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમી રહેલા અલ્તાફ હારુનભાઈ ખફી, આરીફ યુસુફભાઈ ખફી, નરેશ અરજણભાઈ સાદીયા, શબીર ગફારભાઈ જસાણી અને ગોવિંદ ચીથરભાઈ ભીલ વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૧,૧૦૦ની રોકડ રકમ અને ઘોડીપાસાનું સાહિત્ય કબજે કર્યું છે.

# ઉત્તર ભારતના બારણે ગુલાબી ઠંડીના ટકોરા

## પહાડી રાજયોમાં બરફવર્ષાનો દોર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરના મોટા ભાગના રાજયોમાં હવે ગરમીની વિદાય શરૂ થઈ ગઈ છે અને ગુલાબી ઠંડી બારણે ટકોરા મારી રહી છે. દિલ્હી હોય કે બિહાર દરેક જગ્યાએ હાલ હળવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને સવાર અને સાંજે બહાર નીકળ્યા બાદ ઠંડીનો અનુભવ થાય છે. લોકોએ હવે કબાટમાંથ ગરમ કપડા કાઢવાનું શરૂ કરી દીધુ છે.

ખરેખર તો ઠંડી હવાના કારણે દિલ્હી, યુપી, ઝારખંડ, બિહાર અને બંગાળમાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. દિલ્હી-એનસીઆરમાં ગુલાબી ઠંડીનું આગમન થઈ ગયુ છે માનવામાં આવે છે કે હવામાનનું આ વલણ રહ્યું તો દિવાળી બાદ ઠંડી વધશે.

ઉત્તર પ્રદેશમાં પણ વરસાદનો દોર ખતમ થઈ ગયો છે. વિભિન્ન જિલ્લામાં ઠંડીનું આગમન થઈ ચૂક્યુ છે. જયારે બિહારમાં પણ હવે તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

પહાડી રાજયો-ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીરમાં પણ હવામાને પડખુ ફેરવ્યું છે. આ રાજયોમાં બરફવર્ષાના દોર શરૂ થઈ ગયો છે. બીજી બાજુ દક્ષિણ ભારતના અનેક રાજયોમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે.

# સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કોટડાસાંગાણીમાં વિવિધ કોર્ષમાં પ્રવેશ માટે અરજી કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા-કોટડાસાંગાણી ખાતે ધો. ૮ તથા ધો.૧૦ પાસ વિદ્યાર્થીઓ વિવિધ કોર્ષ પ્રવેશ માટે અરજી કરી શકશે. જેમાં ધો-૧૦ પાસ માટે મિકેનીક ડીઝલ,ફીટર,કોપા (કોમ્પ્યુટર કોર્ષ),તથા ધો.-૮ પાસ માટે વેલ્ડર કોર્ષમા તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી પ્રવેશ મેળવી શકાશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા-કોટડાસાંગાણી, ભાડવા રોડ., સુર્યમુખી હનુમાન મંદિર પાસે કોટડાસાંગાણીનો રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૨૭-૨૭૬૦૫૦ પર સંપર્ક કરવા આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિટામિન ડી સપ્લિમેન્ટ્સ સ્વાસ્થ્ય માટે જોખમી

**મુખ્ય સમાચાર, લંડન**

એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિટામિન ડીર સપ્લિમેન્ટ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. વિટામિન ડીર સપ્લિમેન્ટ્સ લેવાથી શરીરમાં વિટામિન ડીડ ની માત્રા ઓછી થઈ શકે છે.

યુનિવર્સિટી ઓફ સરે, જ્હોન ઈન્નેસ સેન્ટરના નવા સંશોધનમાં આ ખુલાસો થયો છે. સંશોધન અનુસાર, વિટામિન ડીડ એ શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. વિટામિન ડી બે પ્રકારના હોય છે.

વિટામિન ડીર જે મોટે ભાગે છોડ અને ફોર્ટિફાઇડ ખોરાકમાં જોવા મળે છે. અભ્યાસમાં, જ્યારે લોકોએ વિટામિન ડીર સપ્લિમેન્ટ્સ લીધાં હતાં, ત્યારે તેમનાં શરીરમાં વિટામિન ડીડનું સ્તર ઘટ્યું હતું. એટલે કે, ડીર લેવાથી વિપરીત અસર પડી હતી. શરીરમાં તે વિટામિનનું સ્તર ઘટે છે, જે વધુ ફાયદાકારક છે. તેની સરખામણીમાં વિટામિન ડીડ લેનારાઓએ વધુ સારા પરિણામો મેળવ્યાં હતાં.

વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે વિટામિન ડીડ શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. તે ટાઇપ-૧ ઈન્ટરફેરોન સિસ્ટમને સક્રિય કરે છે જે શરીરને વાયરસ અને બેક્ટેરિયા સામે લડવામાં મદદ કરે છેવિટામિન ડીર એ આવી કોઈ અસર બતાવી નથી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આજીડેમ ચોકડી પાસે રૂ.૪૯.૮૦ લાખની કિંમતની વહેલ માછલીની ઉલ્ટી સાથે શખ્સ ઝડપાયો

## એસઓજીની ટીમે બાતમીના આધારે અમરેલીના કરીયાણા ગામના શખ્સને દબોચી લઇ રૂ.૫૦.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વહેલ માછલીની ઉલ્ટી એફએસએલમાં મોકલાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આજીડેમ ચોકડી પાસે રાજકોટ એસઓજીની ટીમે દરીયાઇ વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનીયમનો ભંગ કરી કિંમતી વહેલ માછલીની ઉલ્ટી વેચવા આવેલા અમરેલીના કરીયાણા ગામના શખ્સને દબોચી લઇ રૂ.૫૦.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આ ઉલ્ટી (એમ્બલગ્રીસ)ના જથ્થાના એફએસએલમાં મોકલાવવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.વી.ધાસુરા, એએસઆઇ ફીરોઝભાઇ શેખ, કોન્સ. રવિરાજભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, અમરેલીના બાબરા તાલુકાના કરીયાણા ગામનો વિરમ મનજી બાવળીયા નામનો શખ્સ બાઇક પર પ્રતિબંધિત વહેલ માછલીની ઉલ્ટી (એમ્બલગ્રીસ) વેંચવા રાજકોટમાં આવતો હોવાની હકિકતના આધારે એસઓજીની ટીમે આજીડેમ ચોકડી નજીક વોંચ ગોઠવી હતી તે દરમ્યાન વિરમ બાવળીયા બાઇક પર નિકળતા પોલીસે તેને અટકાવી તેની પાસે રહેલ થેલો ચેંક કરતા તેમાંથી રૂ.૪૯.૮૦ લાખની કિંમતની વહેલ માછલીની ઉલ્ટી મળી આવી હતી.



પોલીસે તેની પાસેથી બે મોબાઇલ અને બાઇક સહિત રૂ.૫૦.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આ પ્રતિબંધીત વહેલ માછલીની ઉલ્ટી એફએસએલમાં મોકલાવવામાં આવી છે.

### ગુજરાત ગેસનું બીલ લેતા પહેલા ચેતજો... ક્યાંક વધારે તો ધાબડી દીધુ નથી ને...

# આલે લે ગુજરાત ગેસના મીટર રીડરે ભાંગરો વાટયોઃ ગ્રાહકને એક મહિનાનું ૧૨૧૫૮ રૂપિયા બીલ આપ્યું

## ગ્રાહકના ગયા મહિનાનો વપરાશ ૯૩૦ યુનિટ હતો અને આ મહિનાનો વપરાશ ૯૫૦ થયો માત્ર ૨૦ યુનિટના અંદાજે ૯૯૦ બિલના દબલે મસમોટું બીલ ધાબડી દીધુ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર દ્વારા ગેસના બાટલા બંધ કરી ઘરે-ઘરે પાઇપ લાઇન મારફતે ગુજરાત ગેસ દ્વારા રાંધણ ગેસ આપવાનું શરૂ કર્યું છે. પરંતુ રાંધણ ગેસના લગાવેલા મીટરમાં યુનિટનું રીડીંગ કરતા મીટર રીડરો લોચો મારી દે ત્યારે ગ્રાહકને મસમોટી રકમ ચૂકવવાની નોબત ઉભી થાય છે. આવો જ એક કિસ્સો રાજકોટના નવા થોરાળા વિસ્તારમાં ન્યુ સર્વોદય સોસાયટીમાં બનવા પામ્યો છે. જેમાં ગુજરાત ગેસના મીટર રીડરે એક મહિનાનું બીલ ૧૨૧૫૮ રૂપિયા ધાબડી દેતા ગ્રાહક અને તેનો પરિવાર ચૌકી ઉઠયો હતો.

ગુજરાત ગેસના મીટર રીડરની લાલીયાવાડીના કિસ્સાની વિગતો જણાવતા ગ્રાહકે જણાવ્યું હતું કે, તેઓ ઉપરોકત સ્થળે ન્યુ સર્વોદય સોસાયટીમાં નવા થોરાળા વિસ્તારમાં રહે છે અને તેઓએ ગુજરાત ગેસનું કનેકસન ઘણા સમય પહેલા લીધુ છે. દર મહિને એવરેજ ૧૨૦૦ થી ૧૩૦૦ રૂપિયા બીલ આવતું હોય છે. ગયા મહિને ઓગસ્ટમાં મીટર રીડીંગ ૯૩૦ હતું અને વપરાશનું બીલ ૧૩૨૪ આવ્યું હતું. ત્યારબાદ આજે ઓકટોબર મહિનાનું બીલ આપવા આવેલા મીટર રીડરે લોચો મારી દેતા ગુજરાત ગેસનું બીલ રૂ.૧૨૧૫૮ આવ્યું હતું અને મીટર રીડરે બીલ આપ્યું ન હતું પરંતુ ગ્રાહકને મોબાઇલ નંબર પર ઓનલાઇન મેસેજ આવતા ચૌકી ગયા હતા અને ગ્રાહકે મીટર રીડીંગના યુનિટની તપાસ કરતા ગત મહિને ૯૩૦ હતું અને આ મહિને ૯૫૦ રીડીંગ મીટરમાં દેખાતું હતું. આ આંકડા મુજબ ગુજરાત ગેસનું બીલ યુનિટ દીઢ રૂ.૪૯.૦૨ પૈસા મુજબ આપવામાં આવતું હોય છે ત્યારે ૨૦ યુનિટનો વપરાશ હોય તેનું બીલ અંદાજે રૂ.૯૯૦ જેવું થતું હોય પરંતુ ગુજરાત ગેસના મીટર રીડરે ભાંગળો વાટી દેતા આ બીલ રૂ.૧૨૧૫૮ આવ્યું હોવાનું માલુમ પડતા ગ્રાહકે તાત્કાલીક ગુજરાત ગેસના હેલ્પલાઇન નંબર ૧૮૦૦૧૨૩૬૦૦૦ પર સંપર્ક કરતા તેઓએ મીટરની હાલની સ્થિતિ પરથી જાણીને કહ્યું હતું કે, સાત દિવસમાં રકમ સુધરી જશે અને તમને નવું બીલ આપવામાં આવશે.

# નવાગામ પાસે મનપાની ઢોર પકડ પાર્ટી પર હુમલો પોલીસની હાજરીમાં માલધારીઓ ઢોર છોડાવી ગયા

## માલધારીઓ ઢોર પકડ પાર્ટીની વાનમાં કૂદી પડયા અને દરવાજા ખોલી નાખ્યા, માથાકૂટઃ રાષ્ટ્રપતિના રૂટ ઉપર પશુ દેખાતા પોલીસની સૂચના પ્રમાણે કામગીરી, ફરિયાદ નોંધાવાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મનપાની ટીમોએ રાજકોટ-નવાગામ રોડ ઉપર મેંગો માર્કેટ નજીકથી પકડેલા ઢોરને માલધારીઓ દાદાગીરીથી વિજીલન્સ સ્ટાફની હાજરીમાં છોડાવી ગયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. મહાપાલિકાની ઢોર પકડ પાર્ટી અને વિજીલન્સ સ્ટાફ અને પોલીસને ગણકાર્યા વગર માલધારીઓ ટ્રોલીમાં ચડી જઈ દરવાજા ખોલી નાખી ઢોર ઉતારી ગયા હતા. આ બારામાં કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે .

આ અંગેની માહિતી મુજબ રાજકોટ મનપાની ઢોર પકડ પાર્ટી દ્વારા નવગામ નજીક રાષ્ટ્રપતિ પસાર થવાના હતા તે રસ્તા ઉપરથી પશુઓ પકડવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી રસ્તા ઉપરથી પાંચ ઢોર ઉપાડીને ડબ્બે લઈ જવા ટ્રોલીમાં ચડાવી પણ દેવાયા હતા ત્યાં અચાનક માલધારીઓના ૨૦થી ૨૫ના ટોળાએ આવીને દાદાગીરી કરી ટ્રોલીમાં ચડીને અંદર કુદી પડી વિજીલન્સ સ્ટાફ સાથે માથાકૂટ કરીને ટ્રોલીનો દરવાજો ખોલી નાખી પાંચે ઢોર ઉતારી લીધા હતા અને સ્ટાફ સાથે પણ માથાકૂટ કરી હતી. વિજીલન્સ સ્ટાફ દ્વારા આ માલધારી યુવકોને રોકવા પ્રયાસ કરાયો ત્યારે તેમની સાથે પણ જીભાજોડી કરીને ધક્કા મારવા પ્રયાસ કરાયા હતા. આ બારામાં વેટરનરી અધિકારી ડો. ઉપેન્દ્ર પટેલે કહયું હતું કે, ગઈ કાલે અમને રાષ્ટ્રપતિ પસાર થવાના હતા તે રોડ ઉપર પશુ ફરતા હોવાની વિગતો પોલીસે મોકલી અને તેને દૂર કરવા જણાવતા અમારી ટીમ ત્યાં પહોંચી હતી અને કાર્યવાહી કરી પરત આવી રહી હતી ત્યારે માથાકૂટ થઈ હતી. અજાણ્યા લોકોના ટોળાએ પશુઓ છોડાવી અમારી સાથે માથાકૂટ કરી હતી જેની સામે ફરિયાદ નોંધાવાઈ છે.

# પડધરીના ઢોકળીયા ગામે ચાર એકરની કરોડોની કિંમતી જમીન કેસમાં કલેકટરે અપીલ ફગાવી

## ૩૫ વર્ષ ખેતી કરી, હવે જમીન પેશકદમી કેસમાં પડધરી મામલતદાર, પ્રાંત બાદ કલેકટરનો કડક ચુકાદો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પહેલા સરકારી જમીનમાં દબાણ કરવું.... બાદમાં દબાણ કેસ કરવામાં આવે તો પેશકદમી ગણીને દબાણ રેગ્યુલાઈઝડ કરવા અરજી કરી સરકારી જમીન ઉપર કબજા કરવાની લાંબા સમયથી ચાલતી મોડસઓપરેન્ડીને બ્રેક લાગે તેવા મહત્વપૂર્ણ કેસમાં રાજકોટ જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશે પડધરી તાલુકાના ઢોકળીયા ગામે છેલ્લા ૩૫ વર્ષથી સરકારી ખરાબામાં કબ્જો કરી ખેતી કરતા આસામીએ દબાણ રેગ્યુલાઇઝડ કરવા કરેલી અપીલને ફગાવી દઈ કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીન ખુલ્લી કરવા મામલતદાર અને પ્રાંત અધિકારી ગ્રામ્યના હુકમને યોગ્ય ઠેરવ્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ પડધરી તાલુકાના ઢોકળીયા ગામના જુના રેવન્યુ સર્વે નંબર ૧૭૭ પૈકી ૧૬ અને નવા રેવન્યુ સર્વે નંબર ૫૧૯ની સરકારી ખરાબાની ચાર એકર જમીન ઉપર રામજીભાઈ જેઠાભાઈ મુછડીયા દ્વારા દબાણ કરી



ખેતી કરવામાં આવતી હોવાથી મામલતદાર પડધરી દ્વારા વર્ષ ૨૦૨૩માં દબાણ કેસ ચલાવી રૂપિયા ૭ લાખથી વધુનો દંડ ફટકારતો હુકમ કરતા દબાણકાર દ્વારા રાજકોટ ગ્રામ્ય પ્રાંત અધિકારી સમક્ષ અપીલ કરતા પ્રાંત અધિકારીએ પણ મામલતદાર પડધરીના હુકમને યોગ્ય ગણી અપીલ અરજી ના મંજુર કરી હતી.

જે બાદ ઢોકળીયા ગામના રહેવાસી રામજીભાઈ જેઠાભાઈ મુછડીયાએ રાજકોટ જિલ્લા કલેકટર સમક્ષ અપીલ કરી તેઓ છેલ્લા ૩૫ વર્ષથી સરકારી ખરાબાની જમીન ઉપર ખેતી કરતા હોય જમીન રેગ્યુલાઇઝડ કરવા તેમજ ૫૦ વર્ષ માટે જમીન ભાડાપટ્ટે આપવા અપીલ કરી દાદ માંગી હતી. જો કે, રાજકોટ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે અપીલ કેસ ચલાવી ખેતવિહોણા ખેતમજુર હોવા સહિતની તમામ દલીલો ફગાવી દઈ પડધરી મામલતદાર અને પ્રાંત રાજકોટ ગ્રામ્યના હુકમને યોગ્ય ઠેરવી સરકારી જમીન ખુલ્લી કરવા આદેશ કર્યો હતો.

# રાજકોટ ફાળદંગ ગામે અનુ. જાતિ પ્રૌઢને બંદુક બતાવી માર માર્યાની મહિલા સહિત ચાર સામે ફરીયાદ

## ગણતરીની કલાકોમાં ગુન્હા નિવારણ શાખાની ટીમે શખ્સને દેશી બનાવટની પીસ્તોલ સાથે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના ફાળદંગ ગામે રહેતા અને ગ્રામ પંચાયતમાં પ્રાઇવેટ નોકરી કરતા અનુ. જાતિ પ્રૌઢને ગામની મહિલા સહિત ચાર શખ્સોએ બંદુક બતાવી મારમારી જ્ઞાતી પ્રત્યે અપમાનીત કર્યાની ફરીયાદ કુવાડવા પોલીસમાં નોંધાયા બાદ ગણતરીની કલાકોમાં પીસીબીની ટીમે બંદુક બતાવનાર શખ્સને હથીયાર સાથે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ફાળદંગ ગામે રહેતા અને ગામમાં ગ્રામ પંચાયત વતી પાણી છોડવાની નોકરી કરતા દાનાભાઇ વીરાભાઇ વાળા (ઉ.વ.૫૦) નામના અનુ. જાતિ પ્રૌઢે કુવાડવા પોલીસમાં ફાળદંગ ગામે રહેતી મનુ ધીરૂ વાળા, તેનો પુત્ર શિવરાજ ધીરૂ વાળા, જયરાજ ધિરૂ વાળા અને એક અજાણ્યો સહિત ચાર શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, આ ઉપરોક્ત શખ્સોના ઘરે પાણી આવ્યું ન હોય જેનો ખાર રાખી માતા-પુત્રો સહિત ચાર શખ્સોએ પ્રૌઢને મારમારી તેના પુત્ર શિવરાજે બંદુક જેવું હથીયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતી પ્રત્યે અપમાનીત કર્યાની ફરીયાદ નોંધાવી હતી.

બનાવની ગણતરીની કલાકોમાં જ ગુન્હા નિવારણ શાખાની ટીમના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીઆઇ એમ.જે.હુણ, હેડ કોન્સ. કિરતસિંહ, રાહુલગીરી, કોન્સ. વાલજીભાઇ જાડા સહિતના સ્ટાફે માલીયાસણ ચોકડી પાસે આવેલ ખોડીયાર પાનની દુકાન પાસેથી ફાળદંગ ગામનો શિવરાજ ધીરૂ વાળાને દેશી બનાવટની પીસ્તલ કિંમત રૂ.૧૦ હજાર સાથે દબોચી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# લંડનથી મોંઘેરી દારૂની બોટલો સાથે આવેલા વૃધ્ધ પકડયા

## અમદાવાદથી કારમાં આવતા હતા, એરપોર્ટ પાસે ચેકિંગમાં એક બોટલમાં સપડાઇ ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ પર રહેતા એક વૃધ્ધ લંડન ફરવા ગયા હોય ત્યાંથી મોંઘેરી દારૂની બે બોટલ લઈને અમદાવાદથી ટેક્સીમાં રાજકોટ આવતા એરપોર્ટ પાસે પોલીસે ઝડપી લીધા હતા. જો કે બે બોટલમાંથી એક બોટલની પરમિટ હોય જેથી પોલીસે એક બોટલનો કેસ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ અંગેની મળતી માહિતી મુજબ, એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ આઈ.એન સાવલિયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ ૧ પી.જી.ઝાલા પી. અને કોન્સ્ટેબલ કીર્તિરાજસિહ એરપોર્ટ પાસે હાઈ-વે પર વાહન ચેકિંગમાં હોય ત્યારે ચોટીલા તરફથી આવતી એક ટેક્સી પાર્કિંગ આર્ટિગા કારને રોકી તલાસી લેતા એક બેગમાંથી બે દારૂની બોટલ મળી આવી હતી. પેસેન્જરની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ લલિતભાઈ નરશીભાઈ વોરા ( ઉંમર ૬૦ રહે. ક્રિષ્ના પાર્ક, કાલાવડ રોડ રાજકોટ ) હોવાનું સામે આવ્યું હતું. વધુમાં લલિતભાઈ પત્ની સાથે લંડન ફરવા ગયા હોય ત્યારે ત્યાંથી દારૂની બોટલ લાવ્યા હતા. જો કે તેઓની પાસે એક બોટલની પરમિટ હોય જેથી તેમની સામે એક બોટલનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રામવન પાસે અકસ્માતઃ બોલેરો ચાલકે બાઈકને ઉલાળતા દંપતી ખંડિત

## પીરવાડીમાં રહેતા સંબંધીના ઘરેથી પરત ફરતાં હોય ત્યારે સર્જાયો અકસ્માત, બોલેરો ચાલક સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ મેંગો માર્કેટ નજીક રહેતું દંપતી પીરવાડીમાં સંબંધીના ઘરેથી પરત ફરી રહ્યું હોય ત્યારે રામવન પાસે એક બોલેરો ચાલકે બાઈકને અડફેટે લીધું હતું. આ અકસ્માતમાં ૫૦ વર્ષીય મહિલાનું તેનું મોત નિપજ્યું હતું જ્યારે તેના પતિને પણ ઇજા પહોંચી હતી. બનાવ અંગે આજીડેમ પોલીસે અકસ્માત સર્જી નાશી જનાર બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ, કુવાડવા રોડ મેંગો માર્કેટ પાસે રહેતા રાજેશભાઈ કોટડીયા પત્ની શારદાબેન (ઉંમર ૫૦) સાથે બાઇક પર પીરવાડીમાં રહેતા સંબંધીના ઘરેથી પરત ફરી રહ્યા હતા. રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ બંને રામવન પાસે હાઈ-વે પર હોય ત્યારે પાછળથી પુરપાટ ઝડપે ધસી આવેલા એક બોલર ચાલકે દંપતીને બાઇક સહિત અડફેટે લીધા હતા.અકસ્માત સર્જી બોલેરો ચાલક ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં શારદાબેને ગંભીર ઈજા પહોંચતા તેઓને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓની તબિયત લથડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતા તબીબે મૃત જાહેર કર્યા હતા.

આ અકસ્માતમાં રાજેશભાઈને પણ શરીરે ઈજા પહોંચતા પ્રાથમિક સારવાર અપાઈ હતી. મૃતક શારદાબેનને સંતાનમાં બે પુત્ર છે. ઘટના અંગે આજીડેમ પોલીસે નોંધ કરી ફરાર બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોધી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યો છે.

# વિનય સોસાયટીમાં કાર પાર્કિંગ મુદે વકીલ પર દંપતી સહિત છ શખ્સોએ હુમલો કરી વીંટી-ચેઈન લૂંટી લીધા

## ઈજાગ્રસ્ત વકીલની ફરિયાદ પરથી હુમલાખોરો સામે ગુનો નોંધવા તજવીજ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરન્દા માલવિયા કોલેજ પાછળ આવેલ વિનય સોસાયટીમાં રહેતા વકીલ પર પાડોશી દંપતિ સહિત છએ કાર પાર્કિંગ મુદે ઝઘડો કર્યા બાદ ઢીકા-પાટુનો મારમાર્યો હોવાથી સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડાયો છે. હોસ્પિ.ના બિછાને ઈજાગ્રસ્ત વકીલે આક્ષેપ કર્યો છે કે દંપતિ સહિત છ લોકોએ મને મારકુટ કરી મારી ચાંદીની વીટી અને સોનાનો ચેઈન લૂંટી લીધો હોવાનું જણાવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ માલવીયા કોલેજ પાછળ આવેલ



વિનય સોસાયટી પાસે રહેતા વકીલ શુભમભાઈ પી. દાવડા સાડા સાત વાગ્યા આસપાસ પોતાના ઘરે પાસે નો પાર્કિંગનું બોર્ડ લગાડતા હતા.ત્યારે રીતેશ વેકરીયા, તેના પત્ની પારૂલબેન, તેનો પુત્ર, તેનો ભાઈ તેનો દિકરો અને તેના પિતા સહિતના છ લોકોએ આવી રોડ થોડો કોઈના બાપનો છે કહી બોલાચાલી કરી ઝઘડો કરી ઢીકાપાટુનો મારમારવા લાગ્યા હતા.જેથી વકીલે દેકારો મચાવતા આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા.અને વકીલ શુભમને હુમલાખોરોના ચગુલમાંથી મુકત કરાવ્યો હતો.મારમારતા વકીલને ઈજા પહોંચી હોવાથી તાકિદે ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.અને હોસ્પિ.ના બિછાને વકીલે આક્ષેપ કર્યો હતો કે તેણે પહેરલ ચાંદીની વીંટી અને સોનાના ચેઈનની લૂંટ કરી હોવાનું રટણ કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.વકીલ પર હુમલો થયાની જાણ થતા જ મોટી સંખ્યામાં વકીલો હોસ્પિ.ખાતે એકત્રિત થઈ હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

# વિલના આધારે ખેતીની જમીનમાં એન્ટ્રી પડી શકેઃ નાયબ કલેકટરનો મહત્વનો ચુકાદો

## લોધિકા તાલુકાના માખાવડ ગામની ખેતીની જમીન અંગેના કેસમાં પ્રોબેટ વગર વિલના આધારે નોંધ પાડવા હુકમ

**મુખ્ય સમાચાર રાજકોટ**

સામાન્ય રીતે જમીનના કેસમાં વિલનું કોર્ટમાંથી પ્રોબેટ મળ્યા બાદ જ એન્ટ્રી થઈ હોય છે તેવામાં રાજકોટ નાયબ કલેક્ટરે લોધિકા તાલુકાના માખાવડ ગામની ખેતીની જમીનમાં વિલના આધારે નોંધ પાડવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત એવી છે કે, લોધીકા તાલુકાના માખાવડ ગામે રહેતા ખેડૂત મોહનભાઈ અરજણભાઈ વેકરીયાના ત્રણ દીકરા અને ચાર દીકરી છે. તેઓએ પોતાની જમીન તેના બે દિકરા કલાભાઈ અને કિશોરભાઈને તેની હયાતીમાં વહેચણી કરી દીધેલી હતી.જેથી રેવન્યુ રેકર્ડે તે જમીન કલાભાઈ અને કિશોરભાઈના નામે અને ખાતે થઈ ગયેલી. મોહનભાઈના ત્રીજા દિકરા



ગોવિદભાઈ જેઓ મુંગા અને બહેરા હતા અને તેઓને કોઈ સંતાન ન હતા. ગોવિદભાઈએ તેની સ્વપાર્જિત મુડી માંથી લોધીકા તાલુકાના ગામ માખાવડના રે.સ.નં. ૫૬ પૈકી ૨ જમીન એ.૮-૦૦ ગુંઠા વેચાણ દસ્તાવેજ નં. ૨૦ તા. ૨૬/૦૩/૧૯૭૩ થી ખરીદ કરેલી અને રેવન્યુ રેકર્ડે આ મિલ્કત વેચાણથી તેના નામે દાખલ થયેલી આ મિલ્કતનું ગોવિદભાઈએ તેમની હયાતીમાં તેમના ભાઈ કિશોરની તરફેણમાં વિલ કરેલુ અને વિલથી સ્વતંત્ર માલીકી હક્કથી આ મિલ્કત કિશોરને આપેલ હતો.

ગોવિદભાઈનું અવસાન થતાં કિશોરભાઈએ આ જમીન તેના નામે દાખલ કરવા માટે અરજી કરતાં જેની સામે તેમના ભાઈ કલાભાઈ અને તેની બહેનો કાંતાબેન રામાણી અને દુધીબેન શીંગાળાએ વાંધો લીધેલો અને બાકી બે બહેનો સવિતાબેન અને ચતુરાબેને કોઈ તકરાર ઉઠાવેલી નહી. આમ આ નોંધ સામે વાંધા આવતાં નાયબ કલેકટર, રાજકોટ (ગ્રામ્ય) વિમલકિર્તી ચક્રવતી સમક્ષ તકરારી નોંધાયો હતો.

કિશોરભાઈના એડવોકેટ તરીકે અર્જુન પટેલ તથા હિમાંશુ શીશાંગીયાએ એવી દલીલ કરેલ કે, હાલનુ વિલ રજીસ્ટર વિલ છે અને વિલ કરનાર આ મિલ્કતના સ્વતંત્ર અને સુવાંગ માલીક છે તેમણે વેચાણ દસ્તાવેજથી આ મિલ્કત ખરીદ કરેલ છે. ત્યારે વિલ ખરૂ છે કે ખોટું વિલ કરનારને વિલ કરવાની સત્તા છે કે કેમ? તેવી કોઈ તકરારો નોંધ પાડતી વખતે જોઈ શકાય નહી. કોઈ પણ રજીસ્ટર વિલનું પ્રોબેટ લેવાની ભારતના માત્ર ચાર મુખ્ય શહેરોમાં જ જરૂરીયાત છે તે સિવાય વિલનું અદાલત માંથી પ્રોબેટ લેવાની આવશ્યકતા નથી. વાંધેદારોએ જે તકરાર ઉપસ્થિતકરેલ છે તે તકરાર નિર્ણિત કરવાની સત્તા સિવિલ કોર્ટને છે. રેવન્યુ ઓથોરીટી સમક્ષ આવી કોઈ તકરાર ઉપસ્થિત કરી શકાય નહી કે રેવન્યુ ઓથોરીટી આવી તકરારો નિર્ણિત પણ કરી શકે નહીં. રજીસ્ટર વિલના આધારે જયારે નોંધ દાખલ કરવામાં આવેલ છે ત્યારે આવી નોંધ પ્રમાણીત કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોઈ શકે નહી. એડવોકેટની દલીલો માન્ય રાખીને રજીસ્ટર વિલના આધારે માખાવડ ગામના હક્કપત્રકે દાખલ થયેલ નોંધ ઔતિહાસિક ચુકાદો નાયબ કલેકટરે આપ્યો હતો.

આ કેસમાં અરજદાર કિશોરભાઈ વેકરીયા વતી એડવોકેટ અર્જુન એસ. પટેલ, હિમાંશુ શિશાંગીયા, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ, જાનવી વિરાણી રોકાયેલ હતા.